# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 154 Cr.P.C.)

## (ફોજદારી કાર્યસંહિતાની કલમ 154 હેઠળ.)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | District (જીલ્લો) | સુરત શહેર | Police Station (પોલીસ સ્ટેશન) | ઉધના | Year (વર્ષ) | 2024 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક) | 11210047240220 | Date (તારીખ) | 03/02/2024 |

2 (i) Act (અધિનિયમ): આઈ પી સી — Sections (કલમો): 304,338,114

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Day. (દિવસ) | શનિવાર | Date from (તારીખથી) | 03/02/2024 | Date to (તારીખ સુધી) | 03/02/2024 |
| Time Period (સમયગાળો) | | Time from (કલાકથી) | 14:15 | Time to (કલાક સુધી) | 18:10 |

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) — Date (તારીખ): 03/02/2024 — Time (સમય): 18:20

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) — Time (સમય):

4 Type of Information:(માહિતીનો પ્રકાર) પોલીસ સ્ટેશનમાં લખીને મોકલેલ

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર): પશ્ચિમ,2.00 (કિ.મી.) — Beat No. (બીટ નંબર):

(b) (ખ) Address (સરનામું): એચ સીરીઝ પ્લોટ નં.૮૬,૮૭,૮૮ ઉધના લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીયલ બી.આર.સી. ઉધના સુરત , સુરત શહેર.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) — District (જીલ્લો)

6 Complainant/Informant: (ફરિયાદી / બાતમીદાર)

(a) Name: સતિષભાઈ ચંદુ (b) Father's/ ચંદુભાઈ સંગાડા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (ક) | (નામ) | ભાઈ સંગાડા | (ખ) | Husband's Name (પિતા/પતિનું નામ) | | |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | | 19 | (d) (ઘ) | Nationality (રાષ્ટ્રીયતા) | ભારતીય |
| (e) (ડ) | | | | | | |
| (f) (ચ) | Occupation (ધંધો) | અન્ય | (g) (છ) | Address (સરનામું) | એચ.સીરીઝ લક્ષ્મી નારાયણ ઈનડસ્ટ્રીયલ પતરાના ઝુપડામાં બી.આર.સી ઉધના સુરત મુળ વતન ગામ-ફેરકા તા- ઝાલોદ જી- દાહોદ (ગુજરાત ) મો.નં ૭૬૯૮૨૩ ૦૨૧૦, સુરત શહેર. | |

7 Details of known/suspected/unknown accused with full particulars: (Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| | Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|---|
| (1) | કોન્ટ્રાકટર નિલેષભાઈ દેવજીભાઈ પરમાર | | |
| (2) | માલીક ભુપેન્દ્રભાઇ ચેવલી | | ઉધના લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ નં.૮૬ ,૮૭,૮૮ , સુરત શહેર. |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

-

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત )

11 Inquest Report/U.D. case No. if any
(મ્રુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

ઉપર બતાવેલ તા.ટા અને જગ્યાએ આજ રોજ તા.૦૩/૦૨/૨૦૨૪૨૦૨૪ના બપોરના સવા બે વાગ્યાના સમયે પ્લોટ નં.૮૬,૮૭,૮૮ લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલ બી.આર.સી ઉધના ખાતે ચોથા માળે ફરીયાદીના પિતાજી ચંદુભાઇ તથા ફરી

યાદીના  વતનના સુરમલભાઇ હગજીભાઇ નિનામા તથા બાલુભાઇ લખજીભાઇ વસૈયા તથા પ્રકાશભાઇ રમણભાઇ મહી ડાનાઓ પાલખ ઉપર ઉભા રહી એલીવેશન માટે બનાવેલ છજ્જાની ધારને તથા પેરાપેટની દીવાલને પ્લાસ્ટર કરતા હતા તે વખતે બાંધકામ નવુ હોય તેમ છતા આજરોજ કોંટ્રાકટર નિલેષભાઇ પરમાર નાઓએ પ્લાસ્ટર કરાવી તેઓએ તથા ખાતાના માલીક દ્વારા બાંધકામની સાઇડ પર ચોથા માળે બાંધકામ ચાલતુ હોય ત્યાંથી કોઇ મજુર નીચે પડી જાય તો મૃત્યુ થઇ શકે તેમ જાણવા છતા સદર બાંધકામ વાળી જગ્યાએ કોઇ સેફટીનેટ નહીં લગાડી તેમજ કામ કરતા મજુરોને શેફ્ટી હેલ્મેટ કે શેફ્ટી બેલ્ટ જેવા સેફ્ટીના સાધનો પુરા નહીં પાડી ગંભીર બેદરકારી દાખવતા સદર બનાવ બનતા ફરીયાદીના પિતાજી ચંદુભાઇ સમનાભાઇ સંગાડાનુ મૃત્યુ નિપજાવી તથા સુરમલભાઇ નાઓને બંને હાથના ભાગે ફેકચરની ઇજા થયેલ હોય જેથી ફરીયાદીના કોન્ટ્રાકટર નિલેષભાઇ દેવજીભાઇ પરમાર તથા ઉધના લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલ  પ્લોટ નં.૮૬,૮૭, ૮૮ ના ખાતાના માલીક ભુપેન્દ્રભાઇ ચેવલી નાઓ વિરુધ્ધમાં કાયદેસર થવા ફરીયાદી ની ફરીયાદ છે

Complaint(ફરિયાદ)

તા,૦૩/૦૨/૨૦૨૪

મારૂ નામ સતિષભાઈ ચંદુભાઈ સંગાડા ઉ.વ ૧૯ ધંધો- બાંધકામની મજુરી રહે-એચ.સીરીઝ લક્ષ્મીનારાયણ ઈનડસ્ટ્રીયલ પતરાના ઝુપડામાં બી.આર.સી ઉધના સુરત મુળ વતન ગામ-ફેરકા તા- ઝાલોદ જી- દાહોદ (ગુજરાત) મો.નં ૭૬૯૮૨૩૦૨૧૦

રૂબરૂમાં નવી સિવીલ હોસ્પીટલમા પુછવાથી જાહેર કરી મારી ફરીયાદ હકીકત જણાવુ છુ હું ઉપરનાં જણાવેલ સરનામે છેલ્લા છ વર્ષથી સુરત ખાતે રહુ છુ અને કોન્ટ્રાકટર નિલેષભાઈ દેવજીભાઈ પરમારના કોન્ટ્રાકટ હેઠળ બાંધકામનુ મજુરી કામ કરૂ છુ હાલ હું છેલ્લા બે માસથી કોન્ટ્રાકટર નિલેષભાઈ દેવજીભાઈ પરમારના કોન્ટ્રાકટ હેઠળ  બી.આર.સી. ઉધના લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલ  ખાતે પ્લોટ નં.૮૬,૮૭,૮૮ ખાતે ખાતુ ધરાવતા ભુપેન્દ્રભાઈ ચેવલીના ખાતામાં બાંધકામનુ મજુરી કામ કરૂ છુ મારી સાથે મારા પિતાજી ચંદુભાઈ સમનાભાઈ સંગાડા, માતા ટીનાબેન તથા મારી પત્ની સરસ્વતી તથા અમારા વતન બાજુના સુરમલભાઈ તથા પ્રકાશભાઈ તેમજ બાબુભાઈ તથા અન્ય બીજા અન્ય મજુરો  બાંધકામની મજુરી કામ કરીએ છીએ અમો હાલ પ્લોટ નં.૮૬,૮૭,૮૮ ખાતે ચોથા માળે બાંધકામ કરીએ છીએ ત્યાં મજુરોના શેફ્ટી માટે સાઇડ પર કોન્ટ્રાકટર નિલેષભાઈ દેવજીભાઈ પરમાર તથા ખાતાના માલીક દ્વારા કોઇ સેફ્ટીનેટ લગાડેલ નથી તેમજ આ જગ્યાએ કામ કરી વખતે મને તથા અન્ય મજુરોને શેફ્ટી માટે પહેરવાના શેફ્ટી હેલ્મેટ કે શેફ્ટી બેલ્ટ આપેલ ન હતા

આજ રોજ તા.૦૩/૦૨/૨૦૨૪૨૦૨૪ના સવારના આંઠ વાગે ઉપરોકત જગ્યાએ કામે આવેલ હતા અને બિલ્ડીંગના ચોથા માળે પ્લાસ્ટરનુ કામ કરતા હતા બપોરના એક વાગે રીશેષ પડેલ ત્યાર બાદ બપોરના બે વાગ્યે ફરીથી કામ ચાલુ કરેલ ત્યારે મારા પિતાજી ચંદુભાઇ તથા અમારી સાથે કામ કરતા અમારા વતનના સુરમલભાઇ હગજીભાઇ નિનામા તથા બાલુભાઇ લખજીભાઇ વસૈયા તથા પ્રકાશભાઇ રમણભાઇ મહીડાનાઓ ચોથા માળે પાલખ ઉપર ઉભા રહી ગઇકાલે સાંજે એલીવેશન માટે બનાવેલ છજ્જાની ધારને પ્લાસ્ટર કરતા હતા તે વખતે બાંધકામ નવુ હોવાથી તેના પર બનાવેલ પેરાપેટ દીવાલ આશરે સવા બે વાગ્યાના સમયે અચાનક પડી જતા ચોથા માળે પાલખ ઉપર ઉભા રહી પ્લાસ્ટરનુ કામ કરતા હતા મારા પિતાજી ચંદુભાઇ તથા સુરમલભાઇ હગજીભાઇ નિનામા નાઓ ચોથા માળેથી નીચે પડી ગયેલ તેમજ બાલુભાઇ લખજીભાઇ વસૈયા તથા પ્રકાશભાઇ રમણભાઇ મહીડાનાઓ પાલખ સાથે લટકી ગયેલ જેથી તેઓ નીચે પડેલ નહીં અને મારા પિતાજી નીચે પડતી વખતે બાંધકામ વાળી જગ્યાએ બાજુમાથી પસાર થતા ઈલેક્ટ્રીક વાયર પર પડેલ જેથી કરંટ પણ લાગેલ ત્યારબાદ નીચે પડેલ તે વખતે હું તથા મારી પત્ની સરસ્વતી ત્રીજા માળે કામ કરતા હતા જેથી અમો તરતજ નીચે આવી ગયેલ ત્યારે મારી માતા ટીનાબેન પણ ચોથા માળેથી નીચે આવી ગયેલ અને મારા પિતાજી તથા સુરમલભાઇ નાઓને ઈજાઓ થયેલ હોય જેથી તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા એમ્બ્યુલન્સ આવી જતા અમો મારા પિતાજી તેમજ સુરમલભાઇ નાઓને સારવાર માટે નવી સીવીલ હોસ્પીટલ ખાતે લઇ ગયેલ ત્યારે કલાક ૧૫/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ મારા પિતાજી ચંદુભાઇને જોઇ તપાસી મરણ જાહેર કરેલ તેમજ સુરમલભાઇને બંને હાથના ભાગે ફેકચરની ઈજા થયેલ હોવાનુ જણાવેલ અને બાલુભાઇ વસૈયા તથા પ્રકાશભાઇ મહીડાનાઓને સાધારણ ઇજા થયેલ હોવાથી તેઓએ સારવાર કરાવેલ નથી હાલ સુરમલભાઇની સારવાર ચાલુ છે

જેથી આજ રોજ તા.૦૩/૦૨/૨૦૨૪૨૦૨૪ના બપોરના સવા બે વાગ્યાના સમયે પ્લોટ નં.૮૬,૮૭,૮૮ લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલ બી.આર.સી ઉધના ખાતે ચોથા માળે મારા પિતાજી ચંદુભાઇ તથા અમારા વતનના સુરમલભાઇ હગજીભાઇ નિનામા તથા બાલુભાઇ લખજીભાઇ વસૈયા તથા પ્રકાશભાઇ રમણભાઇ મહીડાનાઓ પાલખ ઉપર ઉભા રહી એલીવેશન માટે બનાવેલ છજ્જાની ધારને તથા પેરાપેટની દીવાલને પ્લાસ્ટર કરતા હતા તે વખતે બાંધકામ નવુ હોય તેમ છતા આજ રોજ કોંટ્રાકટર નિલેષભાઇ પરમાર નાઓએ પ્લાસ્ટર કરાવી તેઓએ તથા ખાતાના માલીક દ્વારા બાંધકામની સાઇડ પર ચોથા માળે બાંધકામ ચાલતુ હોય ત્યાંથી કોઇ મજુર નીચે પડી જાય તો મૃત્યુ થઇ શકે તેમ જાણવા છતા સદર બાંધકામ વાળી જગ્યાએ કોઇ સેફ્ટીનેટ નહીં લગાડી તેમજ કામ કરતા મજુરોને શેફ્ટી હેલ્મેટ કે શેફ્ટી બેલ્ટ જેવા સેફ્ટીના સાધનો પુરા નહીં પાડી ગંભીર બેદરકારી દાખવતા સદર બનાવ બનતા મારા પિતાજી ચંદુભાઇ સમનાભાઇ સંગાડાનુ મૃત્યુ નિપજાવી તથા સુરમલભાઇ નાઓને બંને હાથના ભાગે ફેકચરની ઇજા થયેલ હોય જેથી મારી કોન્ટ્રાકટર નિલેષભાઇ દેવજીભાઈ પરમાર તથા ઉધના લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ નં.૮૬,૮૭,૮૮ ના ખાતાના માલીક ભુપેન્દ્રભાઇ ચેવલી નાઓ વિરુધ્ધમાં કાયદેસર થવા મારી ફરીયાદ છે મારા સાહેદ ફરીયાદમાં જણાવેલ અમારી સાથે કામ કરતા મજુરો તથા પોલીસ તપાસમાં નિકળે તેઓ વિગેરે છે

એટલી મારી ફરીયાદ હકીકત આપ સાહેબે લેપટોપમાં લખી તેની પ્રીન્ટ કાઢી વાંચી બતાવેલ જે મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- શક્તિસિંહ સુખદેવસિંહ વાઘેલા Rank(હોદ્દો):- પોલીસ સબ ઇન્સપેક્ટર
No.:- ssv101181 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 Signature/Thumb Impression of the complainant/informant.
(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ)

Name (નામ) અરૂણ ઈરપ્પા આરગીડ્ડી

Rank (હોદ્દો) આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર GPF No (જીપીએફ નંબર) 116550

15 Date and time of dispatch to the court.
(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય) 03/02/2024 18:20